સ.શિ.પ. / જુલાઈ ૯૯ / ૨,૫૦૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રવીણ
# પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫] (રવિવાર, ૧૮ જુલાઈ, ૧૯૯૯) **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પ્રવીણ)**

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''આ ગઢ તો અમારે કામનો કહેવાય, માટે મંદિર તમે બીજે ઠેકાણે કરો.''

૨. ''કૃતયુગથી તમે અખંડ બ્રહ્મચર્ય પાળો છો તેથી પ્રસન્ન થઈ પ્રગટ ભગવાન તમારે ત્યાં પધાર્યા.''

૩. ''સાધુઓને માટે સીધું ન આપ્યું તે તમે સારું કર્યું.''

૪. ''શ્રીજીમહારાજને અહીં બોલાવી લાવો, મહારાજે આપણી બહુ જ રક્ષા કરી.''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ બે પ્રસંગના કારણ આપીને સમજાવો (બારેક લીટીમાં)** ૮

૧. વજુભાઈ સાધુ થઈ ગયા.

૨. મહારાજે ગણિકાનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ કર્યું.

૩. કઠલાલ ગામની ભાગોળ પાસેના કૂવાના આજુબાજુના વંશજોમાં આજેય સત્સંગ જળવાયો છે.

૪. ટરોરોમાં કાળમીંઢ જેવા અસંખ્ય જીવો સત્સંગી થયા.

**પ્ર.૩. નીચેના કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. ઉકા ખાચર.

૨. સાધુ.

૩. સોમલા ખાચર.

૪. શ્રીહરિલીલાકલ્પતરુ.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. તીર્થ એટલે શું ?





૨. સાધુનાં પંચવર્તમાન લખો.

૩. વેદરસ શું છે ?

૪. સત્સંગિજીવનના રચયિતા કોણ છે ?

૫. મહારાજે સ્વયંપ્રકાશાનંદ સ્વામીની વચનામૃતમાં શું પ્રશંસા કરી ?

૬. શ્રીજીમહારાજે કૃષ્ણજીને દીક્ષા આપીને શું નામ પાડ્યું અને ક્યાં મોકલ્યા ?

**પ્ર.૫. નીચે આપેલ સ્વામીની વાત પૂરી કરી તેનું વિવરણ લખો અથવા વચાનામૃતનું નિરૂપણ કરો.** ૫

નંદ રાજાએ આખી પૃથ્વીનું ..................................

**અથવા**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૪મું.

**પ્ર.૬. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર ટૂંક નોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. સુવાસિની બાઈઓના ધર્મ.

૨. બંધિયાના ડોસાભાઈ.

૩. મહિમા.

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ ત્રણ કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડી પૂરી કરો.** ૬

૧. પ્રગટને ભજી ભજી ................................ ઓઘ તત્કાળ જાશે.

૨. શ્વાસેન સાકમ ........................................ શરણં પ્રપદ્યે ॥

૩. વ્હાલા તારું ઝળકે .................................. મારાં ચોરિયાં રે લોલ.

૪. કેદી દેશો માં સંસારી સુખ .......................... ઈર્ષા કાંઈ.

૫. નિજાત્માનમ્ .......................................... સર્વદા ॥

**(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)**

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''જાઓ, ઘર બાળીને આવો પછી સાધુ કરીએ.''

૨. ''બેટીકા બાપ ! મહારાજકું કયું પકડા હૈ ? છોડ દો.''

૩. ''અમારે સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ છે તેથી આ મહંતાઈ ટકી છે.''

૪. ''સ્વામી, અમારું બોલ્યું માફ કરજો.''

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. ગોદડિયા શાંતાનંદને એકવાર ભેટતાં પણ મહારાજને કઠણ પડ્યું.

૨. સ્વામી જમ્યા પછી પણ એક શેર મઠ જમી ગયા.

૩. રઘુવીરજી મહારાજ તીર્થવાસી થઈને જૂનાગઢ જવા તૈયાર થયા.

૪. સ્વામીશ્રી રૂપાના થાળમાં લાકડાનું પત્તર મૂકીને જમ્યા.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** **૮**

૧. વૃત્તિનો નિરોધ.

૨. વેદાંતીઓનો પરાજય.

૩. ખારા જીવને મીઠા કર્યા.

૪. સ્વામી ઉપશમમાં.

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **૫**

૧. મૂળજીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

૨. સ્વહસ્તે સ્વામીના લલાટે સુંદર તિલક-ચાંદલો કરીને શ્રીજી શું બોલ્યા ?

૩. સ્વામીને કેટલાં કીર્તનો કંઠસ્થ હતાં ?

૪. જૂનાગઢની મહંતાઈ સોંપતી વખતે મહારાજે સ્વામીને શું ભેટ આપી ?

૫. સોરઠના સત્સંગ વિશે સ્વામી શું કહેતા ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈ પણ બે પ્રસંગો ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** **૮**

૧. નિઃસ્વાદી બનાવ્યા.

૨. જીવની અવળાઈ.

૩. શ્રીજીમહારાજ સાથે એકાત્મભાવ.

૪. મહારાજ જામીન થયા.

**(વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈ પણ ત્રણ વિષે ત્રીસ-ત્રીસ લીટીમાં વિવરણ લખો.** **૨૧**

૧. અઢારને દીક્ષા.

**અથવા**

જાળિયામાં મંદવાડ

૨. નિત્યાનંદ સ્વામીની સર્વોપરીપણાની નિષ્ઠા.

**અથવા**

આજ્ઞાપાલક દાદા ખાચર.

૩. મોટા રામબાઈ.

**અથવા**

લક્ષ્મીચંદ શેઠ.

૪. જૂનાગઢમાં અપૂર્વ સન્માન.

**અથવા**

સાધુનો કસબ.